# ADIWASI ARTS & COMMERCE COLLEGE

# SANTRAMPUR

# NSS

# ACTIVITY

# YEAR :- 2020-21

| ક્રમ | એકટીવીટી | તારીખ |
|---|---|---|
| **1** | સ્વાતંત્ર દિવસ ઉજવણી | **15/08/2020** |
| **2** | કોરોના પ્રતિરોધક આયુર્વેદિક ઉકાળાનું વિતરણ | **24/11/2020** |
| **3** | બંધારણ દિવસની ઉજવણી | **26/11/2020** |
| **4** | યુવક સહકારી શિક્ષણ વર્ગ **(28/12/20 થી 02/01/21)** | **28/12/20 થી 02/01/21** |
| **5** | સ્વામી વિવેકાનંદ જયંતિ યુવા દિવસ ઉજવણી | **12/01/2021** |
| **6** | નેતાજી સુભાષચંદ્ર બોઝ જન્મ જયંતી | **23/01/2021** |
| **7** | રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી | **25/01/2021** |
| **8** | પ્રજાસત્તાક દિવસ ઉજવણી | **26/01/2021** |
| **9** | રોડ સેફટી મંથની ઉજવણી **(18/01/21 થી 17/02/21)** | **05/02/2021** |

**<u>તારીખ :- 15/08/2020</u>**

## <u>સ્વતંત્ર દિવસ ઉજવણી</u>

15 ઓગસ્ટ 2020 ના રોજ કોવિડ -19 નિયમોના પાલન સાથે સ્વતંત્ર દિવસની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે NSS વોલેન્ટિયર્સે હાજર રહીને ધ્વજવંદન કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.









**<u>તારીખ :- 24/11/2020</u>**

## <u>કોરોના પ્રતિરોધક આયુર્વેદિક ઉકાળાનું વિતરણ :</u>

કોરોના મહામારી સામે રક્ષણ મેળવવા તથા રોગ પ્રતિકારક શક્તિમાં વધારો કરવા કોલેજમાં જિલ્લા આયુર્વેદિક અધિકારી ડૉ.સુનિલ ડામોર તથા ડૉ.ઉર્મિલાબેન કટારા ના માર્ગદર્શન નીચે ઉકાળો તૈયાર કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સંતરામપુરના ધારાસભ્ય શ્રી કુબેરભાઈ ડિંડોર સાહેબ તથા જીલ્લા ભાજપ અધ્યક્ષ દશરથ સિંહ બારીયા ઉપસ્થિત રહ્યા હતા. પ્રિન્સિપાલ ડૉ.અભય પરમાર તથા કોલેજ પરિવાર અને NSS વોલેન્ટિયર્સે રોડ પર પસાર થતા અનેક લોકોને કોરોના પ્રતિરોધક ઉકાળો પીવડાવ્યો હતો.









**<u>તારીખ :- 26/11/2020</u>**

## <u>બંધારણ દિવસ</u>

કોલેજના NSS યુનિટ દ્વારા આજરોજ સીમિત વોલેન્ટિયર્સને બોલાવીને કોલેજ કેમ્પસમાં કામનાર વૃક્ષના રોપા લાવીને તેને રોપવામાં આવ્યા હતા. તેને ફરતે લોખંડના પાંજરા મૂકીને ફરતી વાડ કરવામાં આવી તથા છોડને પાણી પીવડાવવામાં આવ્યું હતું.

સાથે સાથે બંધારણ દિવસને ધ્યાનમાં રાખીને બંધારણનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. આ અંગે સ્ટાફ રૂમમાં ચર્ચા-સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.










**<u>તારીખ :- 28/12/2020</u>**

## યુવક સહકારી શિક્ષણ વર્ગ-વેબિનાર

**તારીખ :-28/12/2020 થી 02/01/2021 ( ઓનલાઇન )**

આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુર રાષ્ટ્રીય સેવા યોજના ( NSS ) યુનિટ દ્વારા ગુજરાત રાજ્ય સહકારી સંઘ અમદાવાદ તથા મહીસાગર જિલ્લા સહકારી સંઘ લુણાવાડાના સહયોગથી યુવક સહકારી શિક્ષણ વર્ગનું આજ રોજ તારીખ:- 28 /12 /2020 ના રોજ સવારે 12:15 કલાકે ઉદ્ઘાટન કરવામાં આવ્યું.

ગુગલ મીટ ઓનલાઇન પ્લેટફોર્મ પર કોલેજના માનનીય ટ્રસ્ટી શ્રી વનરાજભાઈ ડામોર સાહેબના હસ્તે વર્ગનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. આ પ્રસંગે કોલેજના પ્રિન્સિપાલ ડોક્ટર અભય પરમારે પ્રેરણાદાયી પ્રવચન આપ્યું. વિષય નિષ્ણાંત તરીકે કો-ઓપરેટીવ એજ્યુકેશન ઇન્સ્ટ્રક્ટર મોતીભાઈ એસ પગી સાહેબ ઉદ્ઘાટન સમારોહમાં માહિતીપ્રદ જ્ઞાનસભર માહિતી આપી. સતત છ દિવસ સુધી દરરોજ 1 કલાક આ વર્ગ,ચાલશે નિયમિત હાજર રહેલ વોલેન્ટિયર્સ અને વિદ્યાર્થીઓને ગુજરાત રાજ્ય સહકારી સંઘ દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવશે . ટેકનિકલ સહાયક તરીકે ગીરીશભાઈ ઠાકોરે જવાબદારી સ્વીકારી હતી.

## તારીખ :- 12/01/2021

## સ્વામી વિવેકાનંદ જન્મદિન ની “યુવાદિવસ” ઉજવણી.

તારીખ 12 જાન્યુઆરી 2021 ના રોજ NSS વોલેન્ટીયર્સ દ્વારા સ્વામી વિવેકાનંદ નો જન્મદિન “યુવાદિવસ” ની ભવ્ય ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે પ્રિન્સિપલ ડૉ.અભય પરમાર દ્વારા વિદ્યાર્થીઓને પ્રેરણાદાયી વક્તતવ્ય આપવામાં આવ્યું હતું. પ્રોફેસર નીતિન પંડ્યા દ્વારા હાજર તમામ વોલેન્ટિયર્સને સ્વામી વિવેકાનંદ નું સંક્ષિપ્ત જીવન ચરિત્ર પુસ્તક ભેટમાં આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ પણ સ્વામી વિવેકાનંદ ના જીવન પ્રસંગો પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. વર્ષા ખાટ, ગુણવંતસિંહ વસૈયા,સૃષ્ટિ રાવલ વગેરે પોતાના વિચારો રજૂ કર્યા હતા. આ પ્રસંગે સ્વામીજીના ફોટાને પુષ્પાંજલિ આપવામાં આવી હતી.












## <u>તારીખ :- 23/01/2021</u>

## <u>નેતાજી સુભાષચંદ્ર બોઝ જન્મદિન ઉજવણી</u>

આજરોજ તારીખ 23/ 1/ 2021 ના રોજ મહાન સ્વાતંત્ર સેનાની, દેશભક્ત નેતાજી સુભાષચંદ્ર બોઝના જન્મદિનની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે નેતાજીના જીવન પ્રસંગો આઝાદ ફોજની વિરગાથા તથા નેતાજીના આદરભર્યા કાર્યોથી વિદ્યાર્થીઓને માહિતીગત કરવામાં આવ્યા. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ પણ નેતાજીના જીવન અને કાર્ય અંગે પોતાના વિચારો રજૂ કર્યા હતા. પ્રોફેસર નીતિન પંડ્યા, પ્રોફેસર ડૉ.કામિની દશોરા, પ્રોફેસર ભારતીબેન ધનુણ વગેરેએ નેતાજીના જીવન પ્રસંગોથી વિદ્યાર્થીઓને માહિતીગત કર્યા હતા.












**તારીખ :-25/01/2021**

## રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી

NSS અને NCC યુનિટ તરફથી આજ રોજ તારીખ 25 જાન્યુઆરી 2021 ના રોજ " રાષ્ટ્રીય મતદાતા દિવસ" ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સંતરામપુર પ્રાંત ઓફિસર ( SDM ) માનનીય શ્રી કૌશિક જાદવ સાહેબ તથા સંતરામપુર તાલુકા મામલતદાર માનનીય શ્રી કે. જે. વાઘેલા સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. મા. શ્રી.SDM સાહેબે વિદ્યાર્થીઓને જણાવ્યું કે દેશમાં યુવાનોની સંખ્યા સૌથી વધારે છે. તેઓ સમાજમાં મતદાર જાગૃતિ કાર્યક્રમમાં મહત્વની ભૂમિકા ભજવી શકે છે. યુવાનો પોતે પોતાનું ચૂંટણી કાર્ડ કઢાવે,સાથે સાથે ઘર-પરિવાર અને ગામ લોકોમાં પણ આ અંગે જાગૃતિ ફેલાવે. જો યુવાનો આ કામગીરી નિભાવે તો દેશમાં મતદાનની ટકાવારી વધારી શકાય અને લોકશાહીને વધુ મજબૂત બનાવી શકાય. લોકશાહીનો આધાર ચૂંટણી છે અને ચૂંટણીનો આધાર મતદાન છે. માનનીય શ્રી મામલતદાર સાહેબ " મતદાતા દિવસ" અંગે જાણકારી આપવી હતી. છેલ્લે તમામ આગેવાનો તથા વિદ્યાર્થીઓએ મતદાન કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. કાર્યક્રમનું સંચાલન ડૉ. નીતિન પંડ્યા એ કર્યું તથા આભાર ઉપાદિ ડૉ. કામિની દશોરાએ કર્યું હતું.












## <u>તારીખ :- 26/01/2021</u>

## <u>પ્રજાસત્તાક દિવસની ઉજવણી</u>

તારીખ 26/1/2021 ના રોજ 72માં પ્રજાસત્તાકની ઉજવણી કરવામાં આવી. કોરોના મહામારી છતાં NSS વોલેન્ટીયર્સ હાજર રહ્યા. તમામે માસ્ક પહેરી સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરી રાષ્ટ્રીય પર્વની ઉજવણી કરી. ચાલુ વર્ષે વયનિવૃત્તિ થતા પ્રોફેસર ડૉ.મનુભાઈ સુથારના હસ્તે ધ્વજ વંદન કરવામાં આવ્યું હતું.












**તારીખ :- 05/02/2021**

## રોડ સેફ્ટી મંથની ઉજવણી

આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુર NSS યુનિટ દ્વારા તારીખ 5/2/21 ના રોજ "માર્ગ સુરક્ષા માસ"( રોડ સેફ્ટી મંથ ) ( 18/01/2021 થી 17/02/2021 ) ની ઉજવણીના ભાગ અંતર્ગત કાર્યક્રમ કરવામાં આવ્યો.

આપણા દેશમાં વર્તમાન સમયમાં રોડ અકસ્માતમાં ખૂબ મોટી સંખ્યામાં લોકો જીવ ગુમાવે છે ત્યારે સમાજમાં લોકો ટ્રાફિકના નિયમોનું પાલન કરે,હેલ્મેટ પહેરે, સ્પીડ કંટ્રોલમાં રાખે તો આ ખુવારી અટકાવી શકાય. આ અંગે જાગૃતિ આવે તે માટે NSS વોલેન્ટીયર્સ ગુલાબસિંહ વસૈયા, ચંદ્રેશ પટેલિયા, આશા મછાર, મગન ચરપોટ વગેરેએ રસ્તા ઉપર ઉભા રહી હેલ્મેટ વગરના બાઈક સવારોને ગુલાબનું ફૂલ આપી હેલ્મેટ પહેરવા વિનંતી કરી. ત્રણ સવારી બાઈક ન ચલાવવા, રોંગ સાઈડમાં વાહન ન ચલાવવા વિનંતી કરી. પોતે સુરક્ષિત રહી પરિવારનો આધાર બની રહેવા વિનંતી કરી.










